અપીલ અરજી નં.૪૧૪ તા.૨૪–૩–૦૯

અરજદારઃ શ્રી ગડરીયા હરિશચંદ્ર ફકીરચંદ્ર
સામાવાળાઃ–(૧) આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી
(૨) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી
(૩) એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગડરીયા હરિશચંદ્ર ફકીરચંદ્રની તા.૨–૩–૦૯ ની અરજીથી પર્વત પાટીયાથી આંજણા રેલ્વે ગરનાળા સુધી જતી નહેરની બન્ને સાઈડમાં (પરદી) દિવાલ બનાવવામાં આવી છે કે કેમ? વિ. મુદ્દા નં.૧ થી ૨૦ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૪–૩–'૦૯ ની અપીલ અરજી નં.૪૧૪ /૨૦૦૮–૦૯

શ્રી ગડરીયા હરિશચંદ્ર ફકીરચંદ્રની તા.૨–૩–૦૯ ની અરજીથી પર્વત પાટીયાથી આંજણા રેલ્વે ગરનાળા સુધી જતી નહેરની બન્ને સાઈડમાં (પરદી) દિવાલ બનાવવામાં આવી છે કે કેમ? વિ. મુદ્દા નં.૧ થી ૨૦ની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૧૪ ની આપેલ માહિતી બરાબર ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪ –૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૯૭ તા.૩૧–૩–૦૯ થી ડે.કમિશ્નર (હે.અને હો.) અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. તે જ રીતે અરજદારને પણ મૂળ અરજીથી માંગેલ/ મળેલ વિગતો અને માહિતી બરાબર નહીં હોવા અંગે આધાર રજૂ કરવા તા.૩૧–૩–૦૯ ના પત્રથી જણાવેલ. જેના અનુસંધાને પત્ર નં.પીએચડી/સો.વે.મે./આ.નં.૪૪ તા.૮–૪–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. અરજદારે અપીલ તબકકા દરમ્યાન તા.૧૩–૪–૦૯ થી પુનઃ અપીલ કરી મુદ્દા નં.૩,૪,૯,૧૦,૧૨,૧૪ અને ૧૯ ના જવાબથી પણ નારાજગી વ્યકત કરેલ છે. જે અંગે એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન અધિકારી અને જાહેર માહિતી અધિકારી તથા આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સોલીડ વેસ્ટ)ને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા અરજદારે ઉપસ્થિત કરેલ પૂરક મુદ્દાઓ અંગે પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨–૩–૦૯ ની અરજીથી મુદ્દા નં. ૧ થી ૨૦ લીંબાયતઝોનને લગતાં પ્રશ્ન બાબતે માહિતી માંગવામાં આવેલ. જે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ સેલ/સા.ઈ.ઝોન/ આ.નં.૪૨૫૧ તા.૪–૩–૦૯ થી ચીફ ફાયર ઓફિસર (વોચ એન્ડ વોર્ડ), વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર,આરોગ્ય અધિકારી, ટાઉન પ્લાનર ટીપી વિભાગ, કાર્યપાલક ઈજનેર નહેર વિભાગ ચોપાટી સામે અઠવા લાઈન્સને અરજદારની જાણ હેઠળ તબદીલ કરેલ. અરજદારે તા.૧૪–૪–૦૯ ના રોજ અત્રે રજૂ કરેલ નકલ મુજબ ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત કક્ષાએથી સા.ઈ.ઝોન/મહેકમ/૪૫૮૦ તા.૨૭–૩–૦૯ થી મુદ્દા નં.૧ થી ૨૦ ની માહિતી નિયત સમય મર્યાદામાં પૂરી પડાયેલ છે. જે પૈકી તબદીલ થયેલ અરજીના મુદ્દાઓ અંગે મુદ્દા નં.૭ અને ૮ અંગે વોચ એન્ડ વોર્ડ/૯૮૬ તા.૧૮–૩–૦૯ થી, મુદ્દા નં.૯ અને ૧૦ અંગે વીઆઈડી/નં.૫ તા.૪–૪–૦૯ થી મુદ્દા નં.૧૪ અંગે આરોગ્ય વિભાગ તરફથી પીએચડી/સા.વે.ઝોન/ નં.૨૮૪૫ તા. ૧૮–૩–૦૯ થી અરજદારને તબદીલ મુદ્દાઓ અંગે પણ માહિતી પૂરી પડાયેલ છે. જેમાં મુદ્દા નં.૧૪ અંગે આપવામાં આવેલી માહિતી અને જવાબ બરાબર નથી તેવું જણાવી અરજદારે નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. અરજદારને અપીલ પશ્ચાત તા.૩૧–૩–૦૯ થી પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદારે કરેલ દાવાના સમર્થનમાં આધાર કે વાજબીપણું રજુ કરવા જણાવેલ. અરજદારે પૂરક મુદ્દાઓમાં મુદ્દા નં.૩ માં એક સાઈડના ભાગમાં સીલ કોટ કરેલ છે તો સામેની બીજી સાઈડ બાકી કેમ? મુદ્દા નં.૪ માં હાલમાં આ ટેનામેન્ટની હાલત કેવી છે તે જણાવવું , રહેવાલાયક છે કે ભયજનક? મુદ્દા નં.૯,૧૦ અંગે રીપોર્ટનું શું છે? તથા ૧૨ અંગે માહિતી આપવામાં આવેલ નથી મુદ્દા નં.૧૪ પ્રશ્ન શું છે? અને જવાબ શું છે? અને મુદ્દા નં.૧૯ માં હાલમાં પણ ગેસ ચેમ્બર્સ અને મેઈન હોલ રસ્તા લેવલથી નીચા છે, ચેમ્બર્સો અને મેઈન હોલ આજ સુધી કેટલા બનાવવા આવ્યા ની રજૂઆત કરેલ છે. જે પૈકી મુદ્દા નં.૩, મુદ્દા નં.૪ પૈકી રહેવાલાયક છે કે ભયજનક? તથા મુદ્દા નં.૧૯ ના મુદ્દામાં અપીલ તબકકે પૂરક પ્રશ્નો ઉપસ્થિત કરેલ છે. જે મૂળ અરજીથી અલાયદા જણાય છે.

પાછળ

અરજદારની મૂળ અરજી માંગેલી માહિતી સામે મુદ્દા નં.૧ અને ૨ અન્ય જાહેર સત્તા મંડળને સ્પર્શતા હોઈ તેમને તબદીલ કરવામાં આવેલ જણાય છે. મુદ્દા નં.૩ અંગે પરવત પાટીયાથી ગોડાદરા ત્રણ રસ્તા સુધીના રોડ પર સીલકોટ કયારે કરવામાં આવે છે તથા અત્યાર સુધી કેમ કરવામાં આવ્યું નથી તે અંગે ટીપી સ્કીમના અમલનો સંદર્ભ આપી જાહેર માહિતી અધિકારીએ માંગ્યા મુજબની માહિતી પૂરી પાડેલ જણાય છે. મુદ્દા નં.૪ અંગે આંજણા ડુંભાલ ટેનામેન્ટ બાબતે એના રીપેરીંગ અને જવાબદારી અંગે માહિતી અપાયેલ જણાય છે. પરંતુ હાલમાં ટેનામેન્ટની હાલતની માહિતી આપેલ નથી. મુદ્દા નં.૫ થી ૮ અંગે અરજદારે અપીલમાં કોઈ મુદ્દો ઉપસ્થિત કરેલ નથી. મુદ્દા નં.૯ અને ૧૦ અંગે અરજદારે વીજીલન્સ ખાતાની જાન્યુ.–ફેબૂઆરી–૨૦૦૯ ની ચેકીંગના રીપોર્ટની વિગત માંગેલ તથા શું કામગીરી કરેલ છે તેનો રીપોર્ટ માંગેલ. જે પૈકી જાહેર માહિતી અધિકારી વીજીલન્સ ધ્વારા માત્ર સ્ટાફની સંખ્યા અને ચેકીંગ કરેલ વિભાગોની સંખ્યા અને કેસોની સંખ્યા આપેલ જણાય છે. પરંતુ રીપોર્ટ અને કામગીરીનું વિવરણ આપેલ અની કે તે નહીં આપવા અંગે આરટીઆઈ એકટની કલમ–૮(૧) પૈકીના કોઈ અપવાદ ખાસ કરીને ૮(૧) (એચ) ના સંદર્ભમાં જણાવેલ નથી. મુદ્દા નં.૧૨ સિમેન્ટ, સ્ટીલ ચોરી વિગેરે કૌંભાડ બાબતે તપાસ અંગેની કોઈ વિગતો કે પગલા અંગે કોઈ વિગતો વીજીલન્સ અધિકારી અને જાહેર માહિતી અધિકારી તરફથી અપાયેલ જણાતી નથી. મુદ્દા નં.૧૪ બાબતેનું અરજદારે સોલીડ વેસ્ટ કલેકશન અંગે દૈનિક સમાચાર પત્રોના હવાલો આપી તે અંગે શું પગલા લેવામાં આવશે એવી માહિતી માંગેલ તથા કેટલાક બાબતે અરજદારે સૂચન કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા અઠવાડિક મીંટીંગનો હવાલો આપી અખબારી અહેવાલ અંગે ચર્ચા નહીં થયેલ હોવાનું જણાવેલ છે. આ બાબતે અરજદારે પણ પ્રસિધ્ધ થયેલ અખબારી અહેવાલની નકલ રજૂ કરેલ નથી. તેમજ અપીલ તબકકે કચેરીનો કોઈ દફતરી સબંધ સમાચાર સંદર્ભે રજૂ કરેલ નથી. જયારે મુદ્દા નં.૧૯ અંગે ગેસના ચેમ્બર્સ રોડ લેવલથી નીચા હોવા બાબતે જાહેર માહિતી અધિકારીએ રોડનું કામ પૂર્ણ થાય પછી ગુજરાત ગેસ કંપની મારફતે કામગીરી પૂર્ણ કરાવવાની માહિતી આપેલ જણાય છે. આમ અરજદારે બીજા તબકકાની અપીલની રજૂઆતમાં જણાવ્યા પૈકી નિર્દિષ્ટ વિગતે મુદ્દા નં.૪ ટેનામેન્ટની હાલની હાલત મુદ્દા નં.૯,૧૦ અને ૧૨ સિવાયની માહિતી અરજદારને દફતરી વિગતે મળેલ જણાય છે.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૪ ની બાકી માહિતી અંગે એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયત તથા મુદ્દા નં.૯ અને ૧૦ અંગે નહીં પૂરી પાડેલ આંશિક માહિતી માટે તેમજ મુદ્દા નં.૧૨ નહીં પૂરી પાડેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી વીજીલન્સને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને માહિતી પૂરી પાડવા જણાવવામાં આવે છે.

તે સિવાયના મુદ્દાઓ બાબતે અપીલનું કોઈ પણ કારણ બનતું ન હોઈ તે મુદ્દાઓ પરત્વે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. જયારે અરજદારે રજુ કરેલ પૂરક મુદ્દાઓ મુદ્દા નં.૩ અને ૪ તથા ૧૯ બાબતે લાગત જાહેર માહિતી અધિકારી કક્ષાએ અલાયદી અરજી કરી કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,
(૧)આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી, વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી, એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ગડરીયા હરિશચંદ્ર ફકીરચંદ